# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા દ્વારા મહિલા ખેડૂતોને "ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી" વિશે તાલીમ આપવામાં આવી

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે **"ખરીફ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી"** વિષય ઉપર તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ દેવગઢ બારીયા તાલુકાનાં લવારીયા, કાંકલપુર ગામના ૪૭ મહિલા ખેડૂતો અને તા. ૧૮/૦૭/૨૦૧૯ ના રોજ નગવાવ, વડભેટ અને સીમાલઘસી ગામના ૩૪ મહિલા ખેડૂતોને તેમજ તા. ૧૯/૦૭/૨૦૧૯ ના રોજ લીમખેડા તાલુકાનાં નાના હાથીદરા ગામના ૨૫ મહિલા ખેડૂતોને, એક દિવસીય એમ ત્રણ તાલીમ આપવામાં આવી. ત્રણ દિવસની તાલીમ કાર્યક્રમમાં કુલ ૧૦૬ મહિલા ખેડૂતોને ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

ડો. જી.જે.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા ખેડૂતોની આવકમાં વધારો થાય અને આદિવાસી વિસ્તારના ખેડૂતોનું જીવનધોરણ સુધરે તે માટે ખેતીમાં ઓછા ખર્ચ વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે બાબતે તેઓના વ્યાખ્યાનમાં સવિસ્તર સમજણ પૂરી પાડેલ. સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી, સુધારેલ સોયાબીનની જાતો અને તેની પસંદગી બાબતે ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ.

ડૉ. પી. એચ. ગોધાણી (તાલીમ સહાયક), ટી.આર.ટી.સી., દ્વારા મહિલા ખેડૂતોને તાલીમ દરમિયાન સંકલિત જીવાત નિયંત્રણ વિશે માર્ગદર્શન માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ. દાહોદ વિસ્તારમાં ચોમાસામાં થતા શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતી અંગે ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ સવિસ્તર વ્યાખ્યાન આપેલ તેમજ પ્રથમ હરોળના નિદર્શનની અગત્યતાથી માહિતગાર કરેલ હતા.

રીસર્ચ એસોસીએટ ડો. એ. વાય. માકાણીએ સોયાબીન પાકમાં આવતા રોગો અને તેનું નિયંત્રણ અને શ્રી. ડી. બી. રામજીયાણીએ આદિવાસી વિસ્તારના મુખ્ય કઠોળ પાકોની ખેતી પદ્ધતીથી મહિલા ખેડૂતોને માહિતગાર કર્યા હતા .શ્રી. જે. એમ. પટેલ (પશુધન નિરીક્ષક) પીવીકે પશુપાલન વ્યવસાય અને તેના ફાયદાઓ વિશે વાકેફ કર્યા. રીસર્ચ એસોસીએટ, દીપ્તીબેન પી. પટેલે મહિલા તેમજ બાળકોની તંદુરસ્તી થતા કુપોષણ બાબતે મહિલાઓને જાણકારી આપી.


TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY

TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY


TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY
DEVGADH BARIA (DIST.- DAHOD)




TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE




TRIBAL RESERCH CUM